# કેડ (CAD) જ્વેલરી ડિઝાઈનર

કેડ જ્વેલરી ડિઝાઈનર હાથ વડે, કાગળ પર ૨ ડી ડ્રોઈંગ બનાવવાને બદલે કમ્પ્યુટરની મદદથી જ્વેલરી ડિઝાઇન બનાવે છે. કેડ જ્વેલરી ડિઝાઈનર સામાન્ય રીતે હાથથી બનાવેલા ભાગોને ૩ડી ડિઝાઇન કરેલા જ્વેલરીના ભાગો સાથે જોડે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને કલાત્મક વ્યવસાયોમાં રૂચિ ધરાવો છો
- તમે કમ્પ્યૂટર પર સારી રીતે કામ કરી શકો છો
- તમને વસ્તુઓનું નિર્માણ કરવું ગમે છે
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવું તમને ગમે છે



આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૩૦,૦૦૦ થી ૯,૮૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો

૨. જેમોલોજીમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ ડિઝાઇન કેડ (જેમ એન્ડ જ્વેલરી સ્કીલ્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (GJSCI) દ્વારા બહાર પાડવામાં આવેલ G & J /ક્યુ ૨૩૦૩ સાથે સંરેખિત) પ્રમાણિત તાલીમ મેળવી શકો છો.

**અથવા**

જેમોલોજીમાં સ્નાતક (B.Sc.)ની ડિગ્રી પૂર્ણ કરો અને ત્યારબાદ ડિઝાઈનને લગતા કોઈપણ વિષયમાં અનુસ્નાતક (M.Design)ની ડિગ્રી મેળવો અને પછી ડિઝાઇન કેડ માટે પ્રમાણિત તાલીમ પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કેડ ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૪,૫૦૦** થી **૭૧,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Computer_Aided_Design_(CAD)_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** આભૂષણો બનાવનારા એકમો, આભૂષણોનું વેચાણત કરતા રિટેલ સ્ટોર્સ .

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારો પોતાનો ખાનગી વ્યવસાય પણ શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી/આસિસ્ટન્ટ વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર → વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર → સિનિયર વિઝ્યુઅલ કોમ્યુનિકેશન ડિઝાઈનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

જ્વેલરી ડિઝાઈનર, જ્વેલરી આર્કિટેક્ટ, જ્વેલરી

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ ડિઝાઈન દ્વારા દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દિલ્હી ટેક્નોલોજીકલ યુનિવર્સિટી, દિલ્હી
૨. સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, કોકરાઝાર
૩. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેક્નોલોજી, કાંગડા
૪. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, ભોપાલ
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, આંધ્ર પ્રદેશ
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેક્નોલોજી, ભોપાલ
૭. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેક્નોલોજી, ચેન્નાઈ
૮. રાષ્ટ્રસંત તુકાદોજી મહારાજ નાગપુર યુનિવર્સિટી, મહારાષ્ટ્ર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સી.એમ.જે. યુનિવર્સિટી, શિલોંગ
૨. આર્ટેમિશિયા કોલેજ ઓફ આર્ટ એન્ડ ડિઝાઈન, ઈન્દોર
૩. એ.પી.જે. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, જલંધર
૪. એશિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, બેંગલુરુ
૫. અલખ પ્રકાશ ગોયલ શિમલા યુનિવર્સિટી, શિમલા
૬. અમૃતા સ્કૂલ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, કોચી
૭. એમિટી યુનિવર્સિટી, ગુરુગ્રામ
૮. કેટ કોલેજ ઓફ આર્કિટેક્ચર, ત્રિવેન્દ્રમ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/aic19_de02/preview/
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ફરાહ ખાન અલી** એક ભારતીય રત્નશાસ્ત્રી અને જ્વેલરી ડિઝાઈનર છે જે ફરાહ ખાન ફાઈન જ્વેલરીના સ્થાપક અને સી.ઈ.ઓ. છે. તેણે અમેરિકાના જેમોલોજીકલ ઈન્સ્ટિટ્યુટ, સાન્ટા મોનિકા, કેલિફોર્નિયા, યુએસએમાંથી જેમોલોજી અને જ્વેલરી ડિઝાઈનમાં સ્નાતકનું શિક્ષણ પૂર્ણ કર્યું. તે કેડ જ્વેલરી ડિઝાઈનમાં પણ કુશળ છે.*

સ્રોત: https://www.rough-polished.com/en/news/50367.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.